સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

બે છાંટામાં, પ્રેમીકા જેમ, ફોન શરમાઇ જાય છે,
ફરિયાદે, સાહેબાના ચહેરા, કરમાઇ જાય છે,
ને ભરમાઇ જાય છે ફોનનાં ભાડાં વધારવામાં -
બીલનાં નાણાં લેવામાં ય સ્ટાફ ગરમાઇ જાય છે!

હાઈકુ

ગાંઠતા નથી!
'અતિભારે' ને પણ -
વરૂણ દેવ!!
(હવામાન ખાતાનો અનાદર)

ખખડેલાં કે
ખૂલ્લાં આકાશ નીચે -
નિર્મળ શાળા!!
(નથી મકાન-ન પૂરતા ઓરડા)

ચિંતન

શાસ્ત્રાણ્યધી ત્યાપિ ભવન્તિ મૂર્ખા યસ્તુ ક્રિયાવાન પુરૂષઃ સ વિદ્વાન ।
સુચિંન્તિતં ઔષધ માતુરાણાં ન નામ માત્રેણ કરોત્ય રોગમ્ ॥

'ભલે ને ગમે તેટલો વિદ્વાન અને શાસ્ત્રોનો અભ્યાસુ હોય પરંતુ એ માણસ પોતાનું જ્ઞાન સમજ-આવડત પોતાના આચરણમાં - વ્યવહારમાં મૂકતો નથી એ વિદ્વાન હોય તો પણ 'મૂર્ખ' જ કહેવાય. કેમ કે તમને ઔષધ કયા રોગમાં કેટલું ઉપયોગી છે એની જાણકારી માત્રથી કંઇ રોગ નાસી જતો નથી એટલે કે રોગના નામ જાપથી કંઈ રોગ જતો નથી પણ એનું વ્યવહારમાં-વાસ્તવમાં સેવન કરવું પડે.'

જ્ઞાન સાર્થક ત્યારે જ થાય જયારે તેનો ઉપયોગ વ્યવહારમાં થાય. આચરણ વિનાનું જ્ઞાન અધુરું-પાંગળું છે. સુભાષિતો અને શ્લોકો શાસ્ત્રો મુખપાઠ હોય એનો શું અર્થ?

આસારામ બાપુ જ્ઞાની હતા જ ને! પણ આચરણમાં એ જ્ઞાન કામ ન આવ્યું.

ઔષધ અને તેના ઉપયોગ આપણને યાદ હોય પણ ખરે ટાણે જો એનો અમલ ન કરીએ તો એ આવડત-જ્ઞાનનો શું અર્થ?

જ્ઞાન, જાણકારી, આવડતનો વ્યવહારમાં અમલ અને ઉપયોગ કરવો જોઇએ.

સુવિચાર

- ટેકેદાર બનજો નિરાધારનાં.. ઠેકેદાર બનજો સદાચારનાં.. **- પન્નાલાલ પટેલ**
- દીપ મૂક્યાં શ્વસોનાં વહેતાં, જનમ મરણને કાંઠે, અઘકચરું જીવ્યા ને ઝૂર્યા ચોર્યાસી ઘાટે **- રાજેશ વ્યાસ**
- હું એટલે શરીર, હું એટલે મન. એમ માની બેઠા છીએ, પરંતુ ખૂબ ઊંડે જોઇશું, તો એ ભાવ સ્પષ્ટ થશે કે હું શરીર પણ ક્યાં છું? હું મન પણ ક્યાં છું? **- જ્ઞાનસૂત્ર**
- જયાં સુધી મારાપણાનો ભાવ હોય છે ત્યાં સુધી જ ચિંતા અને ડર સતાવે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- બાળપણમાં વરસાદને જોવામાં કેવો આનંદ આવતો હતો, તમને વરસાદમાં પલળવાનું મન થતું હોય તો સમજજો કે હજું તમારામાં સરળતા બચી છે **- શાહબુદ્દીન રાઠોડ**
- અહંકારને છોડવાનો સૌથી ટૂંકો રસ્તો છે કર્તાભાવ સહજપણે છોડી દેવો **- ફાધર વાલેસ**
- આપણું મન મહેનત કરવાને બદલે, મરજીવા બનવાને બદલે, અધ્યાત્મને કિનારે આપણને ઊભા રાખીને મોતીની વાતો સંભળાવીને સંતોષ માની લેવા માટે લલચાવે છે **- જનકલ્યાણ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

પાઠપૂજા-માળા-પુસ્તક પારાયણ-તપ-ધ્યાન-વિશેષ ફૂરસદનાં સમય માટે સારાં છે પણ 'માનવતા ભર્યું કર્તવ્ય-ફરજ' એ જ આપણો શ્રેષ્ઠ ધર્મ છે. દરિદ્રનારાયણની સેવા-પૂજા એ જ સાચો ધર્મ છે. સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીનું પણ આ જ માનવું હતું..

એક ગુરૂના આશ્રમમાં કેટલાક શિષ્યો રહેતા હતા. એક ભક્ત શિષ્ય લગભગ આખો દિવસે પુસ્તકનું પારાયણ-ઇશ્વરને સંભળાવતો.

આશ્રમમાં બાગકામ કરતાં એક મજૂરને સર્પદંશ થયો. તાત્કાલિક દવાખાને લઇ જવો પડે તેમ હતું. ગુરૂજીએ શિષ્યને બૂમ મારી બોલાવ્યો. શિષ્ય કહે ગુરૂજી હવે દસ-બાર પાનાં જ બાકી છે એ પૂરાં કરીને આવું છું...

ગુરૂજે બીજી વ્યવસ્થા ગોઠવી પેલાને દવાખાને મોકલી દીધો. થોડીવારે પેલો પારાયણ ભક્ત આવ્યો - પૂછ્યું ગુરૂજી શું થયું?

ગુરૂજીએ હકીકત કહી પછી કહ્યું, ભગવાન સર્વશક્તિમાન છે એ પુસ્તક જાતે જ વાંચી શકે પણ 'માનવસેવા એ પરમ ધર્મ છે. કર્તવ્ય એજ ધર્મ છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

લોહીમાંના પ્લાઝામાંથી અંદર રહેલ વિશેષ પ્રોટીન કે જે બેકટેરિયા સામે રક્ષણ આપે છે તેને શું કહેવાય!

વિજ્ઞાન જગત

(૧) કયા રંગના કિરણોની હાજરીમાં પ્રકાશ સંશ્લેષણની ક્રિયા ઝડપી હોય છે?
(અ) લીલો (બ) વાદળી
(ક) પીળો (ડ) લાલ

(૨) નીચેનામાંથી કયા માધ્યમમાં ધ્વનીનું વહન ઝડપી હોય છે?
(અ) પાણી (બ) શૂન્યાવકાશ
(ક) સ્ટીલ (ડ) હવા

(૩) વિટામીન ઇ - ની ખામીથી શું થાય?
(અ) રતાંધણાપણું આવે (બ) નપુંસકતા આવે
(ક) બેરીબેરીનો રોગ (ડ) સ્કર્વી રોગ થાય

(૪) શીતળા તથા પોલિયો જેવા રોગોને રોકવા માટે કઇ શોધ મહત્ત્વની છે?
(અ) પેનિસીલન (બ) એન્ટીજન
(ક) વેકસીન (ડ) એન્ટીબાયોટીક્સ

(૫) કયા અંતઃસ્ત્રાવના અભાવે બાળકનો શારીરિક માનસિક વિકાસ રૂંધાય છે?
(અ) પેરાથોરમોન (બ) થાપરોક્સિન
(ક) કેલ્સ્ટોનિય (ડ) ફેનીલેલાઇન

(૬) ફલોરોસિસ શું છે?
(અ) આંખનો રોગ (બ) કોષ વિભાજન
(ક) ફૂલનું નામ (ડ) દાંતનો રોગ

(૭) દ્રાક્ષમાં કયો એસિડ હોય છે?
(અ) ફોલિક એસિડ (બ) સાઇટ્રીક એસિડ
(ક) આયોડિક એસિડ (ડ) ફોર્મિક એસિડ

(૮) લ્યૂકેમિયા રોગ શરીરના કયા અંગને મુખ્યત્વે અસર કરે છે?
(અ) ત્વચાને (બ) હૃદયને
(ક) કિડનીને (ડ) રક્તકોષોને

(૯) નીચેનામાંથી કયો રોગ આનુવંશિક છે?
(અ) એનિમિયા (બ) નેફાઇટીસ
(ક) ડાયાબિટીસ (ડ) રતાંધણાપણું

(૧૦) લોહીમાંના પ્લાઝામાંથી અંદર રહેલ વિશેષ પ્રોટીન કે જે બેકટેરિયા સામે રક્ષણ આપે છે તેને શું કહેવાય!
(અ) ગ્લોબિન (બ) યુરોકોમ
(ક) હિમોગ્લોબીન (ડ) એન્ટીબોડી

(૧૧) 'નેફોલોજી' એ માનવશરીરના કયા અંગ સંબંધિત અભ્યાસનું શાસ્ત્ર છે?
(અ) કિડની (બ) હૃદય
(ક) ફેફસાં (ડ) મગજ

(૧૨) ન્યૂક્લિયર રિએક્ટરમાં કયું પાણી વપરાય છે?
(અ) ભારે પાણી (બ) ડીસ્ટીલ પાણી
(ક) નરમ પાણી (ડ) ગરમ પાણી

(૧૩) ખાદ્યતેલમાંથી વનસ્પતિ ઘી બનાવવા માટે કયો વાળુ વપરાય છે?
(અ) નાઇટ્રોજન (બ) હાઇડ્રોજન
(ક) હિલીયમ (ડ) નિયોન

(૧૪) 'ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ' કયાં આવેલું છે?
(અ) બેંગ્લોર (બ) દિલ્હી
(ક) જયપુર (ડ) રાજકોટ

(૧૫) કયા કિરણો ચામડીને કાળી પાડે છે?
(અ) ક્ષ-કિરણો (બ) અલ્ટ્રાવાયોલેટ કિરણો
(ક) ગેમા કિરણો (ડ) આલ્ફા કિરણો

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ

- ૧૮ જુલા.૧૯૪૮ હાર્ટમેટ મિચેલ - જર્મન બાયોકેમીસ્ટ, ૧૯૮૮માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૮ જુલા. ૧૯૩૭ રોલ્ડ હોફમેન - પોલેન્ડમાં જન્મેલા, અમેરિકન કેમીસ્ટ, ૧૯૮૧માં નોબેલ પારિતોષિક વિજેતા.
- ૧૯ જુલા. ૧૯૨૧ રોસ્લીન એસ. યાલો - અમેરિકન મહિલા બાયોકેમીસ્ટ, ૧૯૭૭માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૧૯ જુલા. ૧૮૬૫ ચાર્લ્સ માયો - અમેરિકન સર્જન, માયો ક્લીનીકના સ્થાપક
- ૨૦ જુલા. ૧૯૪૭ ગેર્ડ બિનીંગ - જર્મન ભૌતિકશાસ્ત્રી, ૧૯૮૬માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૨૦ જુલા. ૧૯૨૪ રોબર્ટ ડી. મયુરર - અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક, ઓપ્ટીકલ ફાઇબર પર સંશોધન કરનાર
- ૨૧ જુલા. ૧૯૨૩ રૂડોલ્ફ એ. માર્કસ - કેનેડાના જન્મેલા અમેરિકન કેમીસ્ટ, ૧૯૯૨માં નોબેલ વિજેતા
- ૨૧ જુલા. ૧૮૮૧ જયોર્જ ફેડરીક ડીક - અમેરીકન તબીબ અને પેથોલોજીસ્ટ
- ૨૨ જુલા. ૧૯૧૯ ડેનીશ ફલેનગન - અમેરીકન વૈજ્ઞાનિક, 'સાયન્સીફીક અમેરિકન' મેગેઝીનના સ્થાપક.
- ૨૨ જુલા. ૧૯૧૪ એડવર્ડ ફાર્બર - અમેરિકન વૈજ્ઞાનિક, પોર્ટેબલ બેટરી ઓપરેટ સ્ટ્રોબોસ્કોપીક કેમેરા ફલેશનાં શોધક
- ૨૩ જુલા. ૧૯૮૨ માર્ક ડેવીડ વેઇસ્ટર - અમેરિકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક, ઝેરોક્ષ કંપનીના ચીફ
- ૨૩ જુલા. ૧૯૨૦ ચુસિરો હાયસી - જાપાનના અવકાશ ભૌતિક વિજ્ઞાની
- ૨૪ જુલા. ૧૯૮૭ એમિલીયી અરહાર્ટ - અમેરિકન એવીયેટર - એટ્લાન્ટીક સમુદ્ર પરથી ઉડાન ભરનાર પ્રથમ મહિલા
- ૨૪ જુલા. ૧૮૫૬ એમીલ પિકાર્ડ - ફ્રેન્ચ ગણીતશાસ્ત્રી.



ખજાનો
- ડૉ. અનિલ પટેલ
anilbhaipatel@gmail.com

ગયા સપ્તાહનો સવાલનો જવાબ

સવાલ - ગુજરાતના રાજ્યપાલ તરીકે કોણે હવાલો સંભાળ્યો હતો?
જવાબ - માર્ગરિટ આલ્વા (રાજસ્થાનના રાજ્યપાલ)

સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) મહેશ એમ. જાદવ : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૫) ગોમતીબેન કનુભાઇ પરમાર : સે-૨ડી
(૬) આરતી દોશી : સે-૩૦, બ્લોક નં. ૨૦/૧
(૭) ચૌહાણ દિનેસભાઇ કરણાભાઇ : મુ.પો. ભાચર, તા.થરાદ
(૮) પંકજ પ્રજાપતિ - ઉવારસદ

આ સપ્તાહનો સવાલ

ગુજરાતના નવા રાજ્યપાલ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સાચા જવાબો

૫ (૫૬) ૫ (૯૬) ૫ (૬૬) ૫ (૨૬)
૫ (૧૬) ૬ (૦૬) ૬ (૭) ૫ (૭) ૬ (૩) ૫ (૫) ૬ (૯) ૫ (૬) ૫ (૨) ૫ (૧)

જો નરેન્દ્ર મોદી અસરકારક વક્તા ન હોત તો?

આપણે સૌ જાણીએ છીએ તેમ નરેન્દ્ર મોદી અદભૂત વાકછટા ધરાવે છે. વક્તૃત્વ-એક કળા છે તે વિશે આ મેઘધનુષ કોલમમાં આ પૂર્વે લખાઈ ચૂક્યું છે. આજે આપણા દેશના વિક્રમસર્જક વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદીને ધ્યાનમાં રાખીને વક્તા,વક્તૃત્વ અને છટાની ચર્ચા માંડીશુ. આપેલ મોબાઈલ નંબર પર એસ.એમ.એસ. આવકાર્ય છે.વક્તૃત્વ કળા હસ્તગત હોવી એટલે કે અડધી બાજી ખીસ્સામાં હોવી. છટા પૂર્વક બોલી શકો , સામાને તમારી વાત સમજાવી શકો , શ્રોતાઓનો મિજાજ પારખી શકો, સમયનુ ઔચિત્ય જાળવી શકો અને યોગ્ય હાવભાવ સાથે રજૂઆત કરી શકો તો, તમે એંશી ટકા વિજય હાંસલ કરી લીધો જ સમજો. વક્તૃત્વ કળા શીખવા માંગતા દરેક યુવાને નરેન્દ્ર મોદીના વક્તવ્ય માંથી અનેક બાબતો શીખવા જેવી છે. આ લેખમાં તેમના વક્તવ્યમાં દેખા દેતી અને જોવા મળતી વક્તૃત્વ કળાની કેટલીક ટેક્નીક્સ અને છટા વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે.

અદબ પલાઠી - મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

નરેન્દ્ર મોદીની સભાઓની સફળતાનું સૌથી મોટું રહસ્ય કોઈ હોય તો તે એ છે કે તેઓ જયાં જાય ત્યાં સભામા લોકો સાથે સંવાદ સાધતા હોય છે. જે પ્રદેશમાં જાય છે તે પ્રદેશના લોકોનો મિજાજ બરાબર પારખી શકે છે, લોકો શું ઈચ્છે છે તે પળવારમા જાણી જાય છે. વક્તવ્યની શરૂઆત શ્રોતાઓના સન્માન સાથે કરે છે. રમૂજ પણ કરે છે, ગંભીર મુદ્દો પણ છેડે છે અને સમયસર પૂરું પણ કરે છે. એમના વક્તવ્યમાં સાહિત્યના નવ રસ પૈકીના મોટાભાગના રસોનું પાન કરવાનો મોકો શ્રોતાઓને મળતો હોય છે.

કુશળ વક્તા પોતે પ્રસન્ન ચિત્ત હોય, હસતુ મુખ રાખીને લોકોની ખેરિયત પૂછીને પછી જ પોતાની વાત મૂકતો હોય છે. નરેન્દ્ર મોદી પોતાના દરેક વક્તવ્ય પહેલાં લોકોના ખબર અંતર પૂછે, પછી જ વક્તવ્યની શરૂઆત કરે છે. પોતે ગમે તેટલા થાકેલા હોય તો પણ પ્રસન્ન ચિત્ત રાખી મુખ ઉપરની પ્રસન્નતા ઓડિયન્સને પ્રસન્ન કરતી હોય છે. નરેન્દ્રભાઈ ઓડિયન્સ જોઈને પ્રસન્ન થનારાઓ માંથી છે. સીસયારીઓ-કીકયારીઓ અને ભારતમાતાકી જયના નારાથી પોતે પ્રસન્નતા અનુભવતા હોય છે.

ઓડિયન્સનો મિજાજ ન પારખનાર વક્તા હંમેશા નિષ્ફળ જતા હોય છે. માત્ર પોતાની જ હાંકે રાખે, શ્રોતાઓની માંગના મુદ્દાઓ તરફ ધ્યાન જ ન આપે, શ્રોતાઓને ઈગ્નોર કરે તે વક્તા સફળ થઈ શકતા નથી. જો વક્તા તૈયારી કરીને આવતા હોય છે તો શ્રોતા પણ તૈયારી વગરના નથી હોતા. ભાષણ દરમિયાન વક્તા અને શ્રોતા વચ્ચે તાદાત્મ્ય સધાતુ હોય છે. જે વક્તા સુમધુર તાદાત્મ્ય સાધી શકે, મિજાજ પારખે તે જ મિજાજ રાખી શકે.

મુદ્દાઓની ક્રમશઃ છણાવટ કરવી તે એક કળા છે. ઘણા બધા મુદ્દા હોય પણ કયો મુદ્દો પહેલા મૂકવો અને કયો મુદ્દો મહત્વનો છે તે નક્કી કરવું ખૂબ અગત્યનું છે. ક્રમશઃ મુકાતા મુદ્દાઓની શ્રોતાજનો પર ચોક્કસ અને ધારી અસર પડે છે અને ધાર્યુ તીર સાધી શકાય છે. આડેધડ ચર્ચાતા મુદ્દાઓ શ્રોતાજનોને બોરીગ લાગતા હોય છે.

ઓડિયન્સને ચાલુ વક્તવ્યમાં હોંકારો આપવો અને ઓડિયન્સ પાસેથી હોંકરો જીલવો ખૂબ જ મહત્વ ધરાવે છે. આ સમયે વક્તાને બોલવામાં થોડોક આરામ પણ મળી રહે છે. ચાલુ વક્તવ્યમાં ઓડિયન્સ સાથે પ્રૌત્તરી કરવામાં નરેન્દ્ર મોદી અદભૂત કૌશલ્ય ધરાવે છે.

આખુ વક્તવ્ય મોઢે બોલે, તેનો પ્રભાવ શ્રોતાઓ પર અચૂક પડતો હોય છે. જોઈને બોલવામાં કે પછી - વિચારીને બોલવામાં શબ્દો શોધવા પડે છે, જયારે આખુ ભાષણ મુખપાઠ બોલવામાં વક્તવ્યની અસરકારકતા વધી જતી હોય છે. નરેન્દ્ર મોદીએ ક્યારેય સભા સંબોધનમાં કોઈ ચિઠ્ઠી કે ચબરખી હાથમાં રાખી હોય એવુ ધ્યાનમાં નથી.

ભાષણબાજીમાં સમયનું ધ્યાન અને ભાન ન રાખનાર ખૂબ સારા વક્તા પણ નિષ્ફળ ગયેલા છે. એક રમૂજી વાત કહેવાની અહિં તક લઉ છુ. એક વક્તા એટલું લાંબુ (જીંકે રાખ્યું) બોલ્યા કે છેવટે માઈકવાળાએ કહેવું પડ્યું કે સાહેબ હવે તો બંધ કરો બધા જતા રઝા. મારે માઈક-ખુરશી સમેટીને ઘરે જવુ છે. યારે નેતા બોલ્યા કે ભાઈ હોલમાં તો રાખવી જોઈએ ને, સમય જોતા ફાવે? ત્યારે માઈકસીસ્ટમ વાળા માણસે જવાબ આવ્યો. સાહેબ હોલમાં ઘડિયાળ ભલે નહોતી પણ સામે દિવાલ પર કેલેન્ડર તો હતું ને?

શ્રોતાઓ થાકી ગયા છે કે તેમને પોતાની વાતમાં રસ પડતો નથી , કે પોતે જે કહે છે તે સમજાતુ નથી વગેરે બાબતોથી વક્તા માહિતગાર હોવા જોઈએ. સમયસર શરૂ કરે અને ફાળવેલ સમયમાં પૂરું કરે તે ઉત્તમ વક્તાનું લક્ષણ છે.

ઓડિયન્સના ભાવપ્રદેશને સ્પર્શે તેવા વિધાનો વક્તાને ઉપયોગી થતાં હોય છે. નરેન્દ્ર મોદીના વક્તવ્યમાં સાંભળવા મળતા શબ્દો, મારી મા, મારી બહેનો, તમારો ભાઈ, ગેસનો બાટલો, ચા, ચાવાળો, મજદૂર, ગરીબ, ભારતમાનો દીકરો, જેવા લાગણીશીલ શબ્દો શ્રોતાઓના હૃદયને ટચ કરી જાય છે. ધ્યાન રહે લાગણીશીલ વાતો કરતી વખતે એ વાત હૃદયના ડાણથી નિકળવી જોઈએ, નહિ તો આ શબ્દોનો કોઈ મતલબ રહેતો નથી. ઉલટાનુ શ્રોતાઓ પર અવળી અસર પડવાની શક્યતા રહેલી છે.

નરેન્દ્ર મોદીનો વક્તા તરીકેનો સૌથી મોટો ગુણ ડીને આંખે વળગે તેવો હોય તો તે એ છે કે તેઓ ક્યારેય ગુસ્સે થયેલા જોવા મળ્યા નથી. થાકેલા જોવા મળ્યા નથી. કંટાળો ક્યારેય તેમના મુખ પર છવાયો નથી. કહેવાનુ તાત્પર્ય એ છે કે શ્રેષ્ઠ વક્તા બનવા માગતા યુવા નેતાઓએ ગુસ્સાને જોજનો દૂર રાખવો જોઈએ. નરેન્દ્ર મોદી કેટલીક ન ગમતી વાતો આંખોના ઈશારાથી પોતાના સાથીઓને કહી દેતા હોય છે જેને એમની આગવી છટા ગણી શકાય. ઉદા. વક્તવ્યમા એમની આગળ બોલનારો કોઈ વક્તા ભાંગરો વાટે કે પછી લાંબુ ખેંચી કાઢે ત્યારે નરેન્દ્ર મોદી માત્ર તેની તરફ એક નજર ફેરવે તેમાં એ વક્તા સમજી જાય કે હવે મારે પૂરું કરીને ઝડપથી બેસી જવાનું છે. અને છેલ્લે સૌથી વધુ અગત્યનું કોઈ પાસું હોય તો તે છે હોમવર્ક.

નરેન્દ્ર મોદી ક્યારેય પણ હોમવર્ક કર્યા વગર બોલતા નથી જે પ્રદેશમાં તેમની સભા હોય તે પ્રદેશનો ઈતિહાસ, તે ગામની નદીનું નામ, આજુબાજુના ગામોના નામ, ગામમાં આવેલ આપત્તિ, ત્યાંની વિશેષતા, તે જગ્યાનું મહત્વ વગેરેની માહિતી તેમની પાસે અગાઉથી હોય છે. અને આ મુદ્દાઓનો ઉપયોગ કરીને પોતાની આગવી છટામાં જે તે પ્રદેશના લોકોના હૃદય સુધી પહોંચી શકે છે.

વકતૃત્વ કળાના માહિર એવા કોઈ પણ વક્તાને શ્રોતાપ્રિય થવાની અનોખી તક મળતી હોય છે. નરેન્દ્ર મોદીએ આ તક ઝડપી લીધી. તેઓએ પોતાની ઉત્તમ વાકછટાથી ભારતદેશના નાગરિકોના દિલ જીતી લીધા. ભારતદેશની પ્રજા સ્વભાવે વધુ ઉદાર એટલે નરેન્દ્ર મોદીને પહેલા હૃદયસ્થ કર્યા ત્યારબાદ સિંહાસનસ્થ કર્યા. સૌથી મોટા લોકશાહી દેશની ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી અદભૂત વિજયના અધિકારી બન્યા.

નરેન્દ્ર મોદીની ઉત્તમ વાકછટા,ઉદાહરણ પસંદ કરવાની અને પબ્લિક સમક્ષ રજૂ કરવાની શૈલી, ક્યારેક ઉગ્ર થઈને તો ક્યારેક ભાવુક થઈને, યોગ્ય હાવભાવ સાથે પોતાના વિચારો રજૂ કરવાની અદભૂત શૈલીના હજારો ભારતવાસીઓ દિવાના છે. લોકોના હૃદયસિંહાસન પર રાજ કરનાર રાષ્ટ્રપુરુષને સો સો સલામ...!

આવો, આ ડાળને કાપી નાખીએ

ઘણા જુના સમયની વાત છે જયારે રાજા-મહારાજોના રાજ ચાલતા હતા. એક રાજા પશુ પક્ષીઓનો ખુબ શોખીન હતો. આ રાજાને એક વ્યક્તિએ બે બાજનાં બચ્ચાં ભેટમાં આપ્યા. બચ્ચા ખુબ જ સુંદર અને શાનદાર હતા. રાજાએ એ બે બચ્ચાંઓને ઉછેરવા માટે એક વ્યક્તિને નિયુક્ત કર્યો જેનું નામ ઘનશ્યામ હતું. ઘનશ્યામે પોતાનું કામ શરૂ કરી દીધું. થોડા મહિનાઓ પછી રાજાએ આ બે બચ્ચાઓને જોવાની ઇચ્છા જાગી. રાજા ઘનશ્યામ પાસે ગયો. ઘનશ્યામને રાજાએ કહ્યું, "આ બે બચ્ચાઓને તે કેવા ઘડ્યા છે, કેટલાં હોશિયાર બનાવ્યા છે તે તો બતાડ."

ઘનશ્યામનુ ઘર ગામડામાં હતું. ત્યાં તે મોટા ફાર્મ હાઉસ જેવા મકાનમાં રહેતો હતો. તેણે બે બાજને બહાર લાવીને સંકેત દ્વારા ઉપર ઉડવાની સૂચના આપી. બંને બાજ ઉડવા લાગ્યા. એક બાજ તો ખૂબ ઉપર આકાશમાં ઉડવા લાગ્યો. ઘડીભર તો રાજાને થયું આ બાજ ઊડીને જતો તો નહિ રહે ને? પણ બીજી બાજુ બીજો બાજ ત્યાં નજીકનાં ઝાડ પરથી એક ડાળી પર બેસી જતું અને ફરી પાછું ઘનશ્યામ પાસે આવતું, ફરી ઊડીને એ જ ડાળી પર બેસતું. આમ, ત્રણ થી ચાર વાર થયું, એટલી વારમાં બીજું બાજ આકાશની ઊંચી ઉડાન કરીને પણ પાછું આવ્યું. રાજા વિચારમાં પડી ગયો અને તેણે ઘનશ્યામને પુછ્યું, "ઘનશ્યામ, આ શું છે? આ તેં કેવી તાલીમ આપી છે? એક બાજ છેક ઉપર ને બીજું બાજ આ ડાળ પર બેસીને પાછું આવે છે એ ઉપર જતું જ નથી. ઘનશ્યામે તરત કહ્યું, 'મહારાજ, મેં તો બંને ને એક સરખી તાલીમ આપવાનો પ્રયત્ન હંમેશા કર્યો છે, પણ કોણ જાણે કેમ આ બાજ આ ડાળીથી ઉપર આગળ વધતું જ નથી.' રાજાને ઘનશ્યામના ઉછેર અને તાલીમ પર પૂરતો વિશ્વાસ હતો. તેથી તેણે રાજયમાં જઇને એક જાહેરાત કરી કે આ બાજને ત્રણ દિવસમાં જે ઊંચે આકાશમાં ઉડાવી શકશે તેને ૧૦૦ સોનામહોરો ઇનામમાં મળશે. પછી તો શું બાકી રહે?"

બધા જ પંખી પ્રેમીઓ અને પંખીઓનાં જાણકારો આવ્યા, બધાએ બાજને ઊંચે ઉડાડવાના પ્રયત્નો કરી જોયા, પણ નિષ્ફળ - એક પણ વ્યક્તિ સફળ ના થઇ, રાજાએ આપેલી મુદ્દતનો છેલ્લો દિવસ હતો, સવાર પડી, એકાદ કલાકમાં રાજા જોવા ગયો. રાજાએ જોયું તો તેના આશ્ચર્ય વચ્ચે બંને બાજ ઊંચે આકાશમાં ઉડવા લાગ્યા. રાજાએ આ જોયું તો ખુબ ખુશી થઇ. એણે પોતાના મનની શાંતિ અને ખાતરી કરવા ખાતર પર આ પ્રયોગ અવારનવાર કરાવ્યો. પછી રાજાને ખાતરી થઇ ગઇ. બીજા દિવસે રાજાએ આ કરામત કરનારને ઇનામ આપવાનું આયોજન રાજદરબારમાં કર્યું. ઘનશ્યામને બોલાવીને પુછ્યું. "આ કરામત કરનાર કોણ છે?" તે એક ખેડૂતને લઇને આવ્યો. સૌ પ્રથમ તો રાજાએ ખેડૂતને ૧૦૦ સોનામહોરો આપી, પછી પુછ્યું, "ભાઇ, આ કામ તે કંઇ રીતે કર્યું, એવું તો શું અને કઇ રીતે સમજાવ્યું કે આ બાજ ડાળી છોડીને ઉપર આકાશમાં ઊડવા લાગ્યું?" ખેડૂતે કહ્યું, મહારાજ હું તો મામૂલી કિસાન છું, મારામાં બીજું કોઇ જ્ઞાન નથી, મેં તો મારી બુદ્ધિ મુજબ કામ કર્યું, મેં જોયું આ બાજ ડાળી પર બેસી જાય છે પછી ઉપર ઉડતું જ નથી. આથી, મેં એની ડાળી જ કાપી નાખી, હવે એને જે સહારો હતો કે જે એની નબળાઇ હતી એ દૂર થઇ ગઇ તો સ્વાભાવિકપણે જ એ ઉપર ઉડવા લાગ્યું, આમ મેં તો એક તર્ક જ માત્ર લગાડ્યો હતો.

આ વાર્તા આપણને કેટલું બધું સમજાવી જાય છે. આપણે જોયું, બાજનો મૂળ ગુણ ઊંચે આકાશમાં ઊડવાનો હોય છે, પણ એ એને મળતો લાભ જોઇને આળસુ થઇ ગયો અને ઉડવાનું જ છોડી દીધું. એમ, આપણે જાણીએ છીએ માનવ તરીકેનો જન્મ આપણને શા માટે મળેલ છે? આત્મજ્ઞાન તથા પ્રભુ પ્રાપ્તિ માટે આ જન્મ મળેલ છે, પણ આપણે આપણા અન્ય કામોમાં, જેમ કે, કુટુંબ-કબીલો, સમાજ, મિત્રો, નોકરી-ધંધો, આપણો સામાજિક હોદ્દો વગેરેને એટલું બધુ પ્રાધાન્ય આપીએ છીએ કે આપણે આ જન્મનો મૂળ ઉદ્દેશ જ ભૂલી જઇએ છીએ. આજે ભૌતિક સુખ, સુવિધા, સગવડો કે દુઃખ અને આપત્તિઓ સુધી જ આપણું જીવન સીમિત બનાવી દીધુ છે એ જ આપણી ઝાડની જેમ એક મજબૂરી બની ગયું છે અને આ જ વસ્તુ આપણને ઇશ્વરથી દૂર લઇ જાય છે, મિથ્યાને સત્ય અને સત્યને મિથ્યા સમજીને આપણા જીવનમાં આધ્યાત્મિક ઉડાન ભરતાં જ નથી. હવે એવું નથી લાગતું કે આપણે સૌ જીવનનો મહત્ત્વનો સમય વીતાવી ચૂક્યા છીએ પણ હવે જે બાકી જિંદગી બચી છે, જેટલા પણ શ્વાસ બચ્યા છે તેનો હવે સદુપયોગ કરી લઇએ અને આપણને જે ડાળી નડી રહી છે તે કાપી નાખીને ઊંચી ઉડાન ભરીએ.

એનો અર્થ એ નથી કે કુટુંબ કબીલો, ઘરબાર ને નોકરી-ધંધો છોડી દઇએ. એ તો ભાગેડુંવૃત્તિ ગણાય. પણ સંસારમાં રહીને જ સદ્‌ગુરૂનું શરણ લઇને બ્રહ્મની પ્રાપ્તિ કરીને આપણું જીવન સાર્થક કરી શકાય. સંત નિરંકારી મિશનના આજના સમયના સદ્‌ગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજ બ્રહ્મની પ્રાપ્તિ કરાવીને ઇશ્વરનો સાક્ષાત્કાર કરાવી રહ્યા છે. આ મિશનની શાખાઓ/ભવનો દેશવિદેશમાં વ્યાપ્ત છે. ગાંધીનગરમાં પણ સંત નિરંકારી ભવન, સેક્ટર-૩૦ ખાતે શાંતિવન સોસાયટી સામે, ચીપ-ટાઇપ શોપિંગ સામે આવેલ છે. જયાં નિયમિતપણે દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ અને દર ગુરૂવારે સાંજે ૭.૦૦ થી ૮.૩૦ સત્સંગ - ભજનનો કાર્યક્રમ થાય છે તો ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ સત્સંગનો તથા બ્રહ્મની પ્રાપ્તિનો લાભ લેવા પણ નિમંત્રણ છે.

- લક્ષ્મી નિરંકારી